ખેતી બેંક

GSC ARD BANK

ફોન: ૦૭૯- ૨૬૫૮૫૩૬૫/૭૦/૭૧
ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ
ડેવલપમેન્ટ બેંક લી. ૪૮૯, આશ્રમરોડ, નહેરૂબ્રીજ પાસે,
નવરંગપુરા, અમદાવાદ: ૩૮૦૦૦૯

Website: www. Khetibank.org
Email : gscardb @ gmail . com

એ.આર.ડી.બી/ડોર/૩૩૯ તારીખ:૦૨-૦૨-૨૦૨૨

પ્રતિ,
જીલ્લા મેનેજર,
કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લી.
સર્વે જીલ્લા.

**વિષય :- તા. ૩૦-૬-૨૦૧૫ પહેલાના તમામ મુદતવીતી બાકીદારો માટે સેટલમેન્ટ યોજનાની અમલવારી કરવા બાબત.**

**સંદર્ભ: મંજુરી માટે માન.રજીસ્ટ્રાર શ્રીને સાદર કરેલ અત્રેના પત્ર નં. એ.આર.ડી.બી/રીકવરી/૧૧ તા.૦૪-૦૫-૨૦૨૦**

ઉપરોક્ત વિષયે સંદર્ભ પત્રથી બેંક દ્વારા મુદતવીતી બાકીદારો માટે સેટલમેન્ટ યોજના અમલમાં મુકવાની મંજૂરી આપવા માન. રજીસ્ટ્રાર સ.મં. ગુ.રા ગાંધીનગરને દરખાસ્ત રજુ કરેલ હતી. વૈશ્રિવક કોરોના મહામારીને અનુલક્ષીને ખેડૂતોના વિશાળ હીતને ધ્યાનમાં રાખી, તા.૩૦-૬-૧૫ ની સ્થિતિએ તમામ બાકીદારો માટે તા.૩૧-૩-૨૦૨૩ સુધીની મુદત માટે સેટલમેન્ટ યોજના અમલમાં મુકવા ઠરાવ તથા નવી ગાઇડલાઇન મુજબ મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ.

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના પત્ર નં:-એલ.ડી.બી/૧૬/૨૦૧૪/૯૩૮/ચ, તા.૨૮-૦૧-૨૦૨૨ થી સેટલમેન્ટ યોજના અમલમાં મુકવા બેંકને મંજુરી મળેલ છે.

બેંકના કુલ બાકીદારો ૫૧૫૪૧ રહેવા પામેલ છે. અને કુલ રૂા. ૪૨૫.૦૦ કરોડના ડીમાન્ડની વસુલાત બાકી રહેલ છે. તે પૈકી છ વર્ષથી વધુ સમયથી મુદતવીતી બાકીદાર હોય તેવા ૩૩૦૯૫ ખાતાઓમાં રૂા. ૨૪૦.૩૬ કરોડ જેટલી મોટી રકમનુ જામી ગયેલ ઓવરડ્યુઝ ડીમાન્ડ બાકી રહેવા પામેલ છે.

સેટલમેન્ટ યોજના નો લાભ લઇ મહત્તમ લાભાર્થીઓ દેવા મુક્ત થાય તે માટે "સેટલમેન્ટ યોજના" ની મુદત લંબાવવા તથા વર્ષ ૨૦૧૫ કે તે પહેલાના તમામ મુદતવીતી બાકીદારોનો યોજનાના લાભાર્થી તરીકે સમાવેશ કરવા વિવિધ સ્તરેથી રજુઆતો થયેલ છે.

આ સેટલમેન્ટ યોજનાના અમલીકરણને કારણે લાભાર્થી બાકીદારોને બાકી લ્હેણાં ભરપાઇ કરવામાં રાહત મળશે અને તેઓ દેવામુકત થઇ શકશે, તેમજ નવા ધિરાણોની પાત્રતા ધરાવતા થઇ શકશે. જ્યારે બેંકને જુની જામી ગયેલ મુદતવીતી લ્હેણાંની વસુલાત કરવામાં તથા એન.પી.એ. ઘટાડવામાં સહાયતા થશે. એટલુ જ નહી બેંકની વસુલાત વધતાં બેંકના કેપીટલ બેઇઝ સુદૃઢ બનશે અને બેંકના ધિરાણ પ્રવાહમાં ગતિશીલતા જળવાઇ રહેશે.

(૧) તા. ૧-૪-૧૯૯૭ થી તા. ૩૦-૬-૨૦૧૫ સુધીના તેવા તમામ મુદતવીતી થયેલ બાકીદાર હોય, તે મુદતવીતી તારીખે બાકી રહેલ મુદ્દલ (મુદલ લોન બાકી.) ની રકમ ઉપર જે તે મુદતવીતી થયાની તારીખથી વસુલાતની તારીખ સુધીના સમયનુ **૧૨** ટકા સળંગ સાદુ વ્યાજ અથવા ધિરાણના વ્યાજનો દર, બે પૈકી જે ઓછુ હોય તે વ્યાજ દરે સાદુ વ્યાજ ગણી થતુ વ્યાજ તથા બાકી મુદ્દલ ઉપરાંત નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે.

(૨) તા. ૩૧-૩-૧૯૯૭ કે તે પહેલાના તમામ મુદતવીતી બાકીદારો માટે, મુદતવીતી થયાની તારીખથી વસુલાતની તારીખ સુધીના સમયનુ મહત્તમ **૧૦** ટકા કે ધિરાણના દર પૈકી જે ઓછું હોય તે દરે વ્યાજની ગણત્રી કરી ખાતુ ચુકતે કરવાનું રહેશે. નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ બેંક અને ખેડુત બાકીદારોના વિશાળ હિતમાં સામેલ ગાઇડલાઇન મુજબ અમલવારી કરવા જણાવવામાં આવે છે. તેમજ સામેલ નમુના મુજબનું માસીક પત્રક દર માસના અંતે અત્રેના ડીપાર્ટમેન્ટ ઓફ રીકવરી(ડોર) વિભાગમાં માસની ૧ થી ૫ તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

આ પરીપત્ર શાખા સમિતિ તથા જીલ્લા લોન કમિટીમાં ફરજીયાત પણે વંચાણે લેવાનો રહેશે.

**(વિ.એમ.ચૌધરી)**
**જનરલ મેનેજર**

<u>સામેલ</u>:-

(૧) યોજનાની ગાઇડલાઇન. પાના –૦૪

(૨) નમુના મુજબનું પત્રક ૧(એક).

**નકલ:-**

(૧) સેક્શન હેડ સર્વે, અમદાવાદ કચેરી.

(૨) બ્રાંચ મેનેજર, સર્વે શાખા.

(૩) પી.એસ. ટુ માન. ચેરમેનશ્રી, અમદાવાદ કચેરી.

(૪) પી.એ.ટુ માન. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, અમદાવાદ કચેરી.

**નકલ સવિનય:-**

(૧) સર્વે સદસ્યશ્રીઓ, કાર્યવાહક મંડળ.

(૨) ઉપ સચિવ, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર.

(૩) સંયુક્ત રજીસ્ટ્રારશ્રી(ધિરાણ), સ.મં. ગુ.રા., ગાંધીનગર.

(૪) સંયુક્ત રજીસ્ટ્રારશ્રી(ઓડીટ), કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લી., રાજકોટ.

(૫) જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સ.મં, કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લી., અમદાવાદ.

**ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. એગ્રી. & રૂરલ ડેવલપમેન્ટ બેંક લી. – અમદાવાદ.**

**તા. ૩૦-૬-૨૦૧૫ કે તે પહેલાના મુદતવીતી/એન.પી.એ. લ્હેણાંઓ વસુલ કરવા માટેની સેટલમેન્ટ યોજનાની ગાઇડલાઇન્સ**

**ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. એગ્રી. & રૂરલ ડેવલપમેન્ટ બેંક લી. ના તા. ૩૦-૬-૨૦૧૫ કે તે પહેલાના સમયથી મુદતવીતી/એન.પી.એ. થયેલ લ્હેણાંને વસુલ કરવા માટેની સેટલમેન્ટ યોજના નીચે મુજબ છે.**

**(૧) યોજનાનુ કાર્યક્ષેત્ર:-**

આ યોજના ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. એગ્રી. & રુરલ ડેવલપમેન્ટ બેંક લી. (ખેતીબેંક) ના મુદતવીતી/એન.પી.એ. થયેલ લ્હેણાંની વસુલાત માટેની સેટલમેન્ટ યોજના રહેશે.

**(૨) કયા પ્રકારના લાભાર્થીઓનો સમાવેશ થઇ શકશે:-**

(૨.૧) બેંકના તમામ ખેતી વિષયક, બિન ખેતી વિષયક, વ્યક્તિગત, મંડળી તથા સંસ્થાકિય લ્હેણાં કે જે તા. ૩૦-૬-૨૦૧૫ કે તે પહેલાના મુદતવીતી/એન.પી.એ. થયેલ હોય તેવા લ્હેણાંઓનો સમાવેશ થઇ શકશે.

(૨.૨) બેંક દ્વારા મુદ્દા નં. ૨.૧ માં દર્શાવેલ લ્હેણાંઓ વસુલ કરવા માટેના કોઇ પણ કાયદાકિય કાર્યવાહી થયેલા હુકમનામા કે જપ્તીની કાર્યવાહી થયેલ કે વસુલાત માટે કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ હોય કે વિવાદીત લ્હેણાંઓનો પણ આ યોજનામાં સમાવેશ કરી શકાશે.

**સેટલમેન્ટ યોજનામાં સમાવિષ્ટ મુખ્ય મુદ્દા**

(૧) **તા. ૧-૪-૧૯૯૭ થી તા.૩૦-૬-૨૦૧૫ સુધીના** મુદતવીતી થયેલ હોય, તેવા તમામ ખાતેદારો, મુદતવીતી તારીખે બાકી રહેલ મુદ્દલ (લોન મુદલ બાકી) ની રકમ ઉપર જે તે મુદતવીતી થયાની તારીખથી વસુલાતની તારીખ સુધીના સમયનુ ૧૨ ટકા સળંગ સાદુ વ્યાજ અથવા ધિરાણના વ્યાજનો દર, બે પૈકી જે ઓછુ હોય તે વ્યાજ દરે સાદુ વ્યાજ ગણી થતુ વ્યાજ તથા બાકી મુદ્દલ ઉપરાંત નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે. આ રીતે થતી કુલ રકમ વસુલ કરવાપાત્ર ગણાશે.આમ કરવાથી દંડનીય વ્યાજ તેમજ નિયમોનુસાર વસુલ કરવાપાત્ર ખડેલ મુદત વ્યાજમાંપણ મોટી રકમની રાહત લાભાર્થી મુદતવીતી લોન ખાતેદારને મળી શકશે.

(૨) **તા. ૩૧-૩-૧૯૯૭ કે તે પહેલાના** સમયના તમામ મુદતવીતી બાકીદારો માટે મુદતવીતી થયાની તારીખથી વસુલાતની તારીખ સુધીના સમયનુ મહત્તમ ૧૦ ટકા કે ધિરાણના દર પૈકી જે ઓછું હોય તે દરે વ્યાજની ગણત્રી કરી ખાતુ ચુકતે કરવાનું રહેશે. નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે.

## <u>(૩) વસુલ કરવાપાત્ર રકમ નક્કી કરવાની અને ભરપાઈ કરવાની પધ્ધતિ:-</u>

(૩.૧)સભ્ય/કરજદાર પાસે બાકી લ્હેણાંઓ જે **તા. ૧-૪-૧૯૯૭ થી તા.૩૦-૬-૨૦૧૫ સુધીના** મુદતવીતી થયેલ હોય, તેવા તમામ બાકીદારો મુદતવીતી તારીખે બાકી રહેલ મુદ્દલ (લોન મુદલ બાકી) ની રકમ ઉપર જે તે મુદતવીતી થયાની તારીખથી વસુલાતની તારીખ સુધીના સમયનુ ૧૨ ટકા સળંગ સાદુ વ્યાજ અથવા ધિરાણના વ્યાજનો દર, બે પૈકી જે ઓછુ હોય તે વ્યાજ દરે સાદુ વ્યાજ ગણી થતુ વ્યાજ તથા બાકી મુદ્દલ ઉપરાંત નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે. આ રીતે થતી કુલ રકમ વસુલ કરવાપાત્ર ગણાશે.

આમ કરવાથી દંડનીય વ્યાજ તેમજ નિયમોનુસાર વસુલ કરવાપાત્ર ખડેલ મુદત વ્યાજમાં પણ મોટી રકમની રાહત લાભાર્થી મુદતવીતી લોન ખાતેદારને મળી શકશે.

(૩.૨) કુલ વસુલ કરવાપાત્ર રકમમાંથી મુદતવીતી થયાની તારીખ બાદ બાકી રહેલ અપૂર્ણ મુદતવીતી હપ્તા પેટે અંશત: વસુલ આવેલ વસુલાતની રકમ પણ છેલ્લે બાદ કર્યા પછી જે રકમ બાકી રહે તે રકમને નક્કી વસુલ કરવાપાત્ર ગણવાની રહેશે. આ રીતે થતા કોઈ પણ હિસાબમાં કરજદાર પાસેથી ઓછામાં ઓછી બાકી રહેલ હપ્તાના મૂળ વ્યાજ+મુદ્દલના અને અન્ય કોઈ બાકી હોય તે લ્હેણાંની રકમ તો વસુલ કરવાની રહેશે જ.

(૩.૩) જે ખાતાઓમાં વર્ષ તા.૩૧-૩-૧૯૯૭ કે તે પહેલાંથી હપ્તા મુદતવીતી બાકી હોય તેવા ખાતાઓમાં મહત્તમ ૧૦ ટકા વ્યાજ દરે અથવા ધિરાણના વ્યાજ દરે બે પૈકી જે ઓછુ હોય,તે વ્યાજ દરે સળંગ સાદા વ્યાજની ગણત્રી વસુલાતની તારીખ સુધી કરવાની રહેશે. ઉપરાંત નિયમોનુસાર સરચાર્જ તથા લીગલ ખર્ચ અને અન્ય ચાર્જીસ વસુલ લેવાનો રહેશે.

(૩.૪) કુલ વસુલ કરવાપાત્ર રકમ એક સાથે અથવા નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ હપ્તેથી રકમ ભરીને ખાતુ ચુકતે કરવાનુ રહેશે.

(૩.૫) જો કોઈ બાકીદાર ભરવાપાત્ર રકમ એક સાથે ભરપાઈ કરવામાં અસમર્થ હોય તો આવા બાકીદારની રકમ ભરવાની ક્ષમતા અને માંગણીને ધ્યાને લઈ અને ભરપાઈ કરવાની થતી રકમના કદને ધ્યાને લઈ નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે સમાધાનની તારીખે રકમ વસુલ લઈ બાકી રહેતી રકમના હપ્તાઓ કરી આપી શકાશે. આવી બાકી રહેતી રકમ પર દરેક હપ્તા સાથે ૧૨ % ના વ્યાજ દરે વ્યાજ લેવાનુ રહેશે.

| અ. નં. | સમાધાન મુજબ ભરવાની થતી રકમ | સમાધાન સમયે ભરપાઈ કરવાની રકમના ટકા | રકમ ભરપાઈ કરવાની મુદત |
|---|---|---|---|
| ૧ | રૂ|. ૫.૦૦ લાખ સુધી | ૨૫% | છ માસિક બે હપ્તા- ૧૨ માસ, |
| ૨ | રૂ|. ૫.૦૦ લાખથી વધુ અને ૧૦.૦૦ લાખ સુધી | ૨૫% | છ માસિક ચાર હપ્તા- ૨૪ માસ, |
| ૩ | રૂ|. ૧૦.૦૦ લાખથી વધુ | ૨૫% | છ માસિક છ હપ્તા- ૩૬ માસ, |

(૩.૬) જે કિસ્સામાં વસુલ કરવાપાત્ર રકમ ભરપાઇ કરવાની મુદત ૧૮ માસ કરતાં વધુ સમયમાં ભરપાઇ કરવાની થાય તે કિસ્સામાં ભરપાઇ કરવાની રકમ સામે પર્યાપ્ત માત્રામાં તારણ (સિક્યુરીટી) બેંકને આપવામાં આવેલ ન હોય, તેવા કિસ્સામાં વધારાની સિક્યુરીટી બાકીદારે આપવાની રહેશે.

(૩.૭) આ યોજના પ્રમાણે નક્કી કરેલ ભરપાઇ કરવાની રકમો વ્યાજ સાથે નિયમિત ભરપાઇ કરવામાં કરજદાર નિષ્ફળ જશે તો આ યોજનાની રાહતો રદ કરવાનો અધિકાર એક તરફી બેંકને રહેશે. આવા બાકીદાર પાસે બાકી રહેલ રકમની વસુલાત માટે તેમજ યોજનામાં ન જોડાનાર તમામ બાકીદારની વસુલાત માટે બેંક કાયદેસરની કાયદાકીય કાર્યવાહી કરી શકશે.

(૩.૮) યોજના મુજબ હપ્તા કરેલ રકમોની વસુલાત હપ્તાની મુદત પહેલાં વહેલી ચુકવી શકાશે અને આવી રકમો પર ચુકવણીની તારીખ સુધી જ વ્યાજ વસુલ કરવામાં આવશે.

(૩.૯) સેટલમેન્ટ યોજના અન્વયે રજુ થયેલ ગાઇડલાઇન મુજબ યોજનાનુ અર્થઘટન કરવાની સત્તા બેંકને રહેશે.

**(૪) અરજીઓની ચકાસણી અને મંજુર કરવા અંગેના અધિકારો નક્કી કરવા બાબત.**

(૪.૧) બેંકના આ યોજનાના લાભાર્થી મુદત વીતેલ બાકીદાર સભ્યે/વારસોએ યોજના મંજુર થયા બાદ યોજનાના અમલીકરણના સમયગાળામાં બેંકની જે શાખામાંથી ધિરાણ મેળવેલ હોય જ્યાં તેમનુ ખાતુ રાખવામાં આવેલ હોય, તે શાખા કચેરીને યોજનાનો લાભ આપવા અંગેની લેખિત અરજી બાકી રકમો ભરપાઇ કરવાની વિગતો દર્શાવી કરવાની રહેશે.

(૪.૨) અરજી મળેથી જે તે શાખાના અધિકૃત કરવામાં આવેલ અધિકારીએ આવી અરજીની ચકાસણી કરી યોજનાના નિયમો મુજબ જરૂરી હિસાબી ગણત્રીના સ્ટેટમેન્ટ તૈયાર કરી, નિયમોનુસારની રકમ જમા લઇને જરૂરી ભલામણ કરી, અરજી લગત જીલ્લા કચેરીને મંજુરી માટે મોકલવવાની રહેશે.

(૪.૩) જીલ્લા કચેરી કક્ષાએ મળેલ અરજીઓ ધ્યાને લઇ શાખા તરફથી મળેલ સાહિત્યની તથા હિસાબની ગણત્રીની જીલ્લા લેવલે ફરીથી સંપૂર્ણ ચકાસણી કરી, મંજુરી માટે જીલ્લા લોન કમિટીમાં રજુ કરી, સેટલમેન્ટ માટે શાખાને મંજુરી આપવાની કાર્યવાહી કરવાની થશે.

(૪.૪) જીલ્લા લોન કમિટીમાં રજુ થયેલ આવી અરજીઓ બાકીદારે ભરપાઇ કરવાની જણાવેલ વિગતોને ધ્યાને લઇ યોજનાના નિયમોની મર્યાદામાં રહી મંજુર કરવાની રહેશે. **જીલ્લા લોન કમિટીને યોજનાની ગાઇડલાઇનનો ચુસ્ત પણે અમલ કરી અરજીઓ મંજુર કરવાના**

(૪.૫) આ રીતે યોજનાની શરતો મુજબ પુરેપુરી રકમ વસુલ થયા બાદ અનામત ખાતે જમા રહેલ રકમોને નિયમોનુસાર લોન ખાતામાં જમા આપી ખાતુ સેટલ કરવાનુ રહેશે.

(૪.૬) લોન ખાતુ ચુક્તે થયેથી લાભાર્થી ખાતેદાર અથવા તેમના વારસદારો બેંકના નિયમોનુસાર નવુ ધિરાણ મેળવી શકશે.

(૪.૭) મુદત વિતેલ લ્હેણાંઓ વસુલ કરવાની આ યોજનાનો અમલ સંપૂર્ણ રીતે પારદર્શી અને પક્ષપાત રહિત કરવાનો રહેશે. તે માટે શાખાઓએ લાભાર્થી સભ્યોને સંપૂર્ણ જાણકારી પુરી પાડવાની રહેશે. જાણકારી/માહિતીના અભાવે કોઇ સભ્યો લાભથી વંચિત રહી ન જાય તે અંગે બેંકની શાખા/જીલ્લા કચેરીએ કાળજી લેવાની રહેશે.

(૪.૮) પ્રસ્તુત યોજના અંતર્ગત કોઇપણ પ્રકારની રજુઆત થાય કે સ્પષ્ટીકરણની જરૂર જણાય, તેવા સંજોગોમાં થયેલ રજુઆત ધ્યાને લઇ અલાયદી ચકાસણી કરી, રજુઆતનો આખરી નિર્ણય લેવાની સત્તા એક તરફે બેંકને રહેશે. આ યોજના અંતર્ગત કાનુની કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

**(૫) યોજનાના અમલીકરણની મુદત અંગે:-**

આ યોજના અંતર્ગત લાભીત મહત્તમ મુદતવીતી બાકીદાર યોજનાનો લાભ લઇ, દેવામુકત થાય, અને બેંકની જામી ગયેલ ઓવરડ્યુઝ વસુલાત મેળવી શકાય, તે માટે આ યોજના, તા.૩૧-૦૩-૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

(કે.પી.રાવલ)
સીનીયર મેનેજર

## ધી ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક.લી, જીલ્લો

## ____________ માસમાં "સેટલમેન્ટ યોજના" હેઠળ થયેલ વસુલાત પત્રક.

| ક્રમ | શાખાનું નામ | બ્લોક ડીમાન્ડ સિવાયના ખાતા(રકમ રૂ! લાખ) | | | | બ્લોક ડીમાન્ડના ખાતા (રકમ રૂ!લાખ) | | | | | સેટલમેન્ટ પાત્ર કુલ ખાતા | કુલ (રકમ રૂ! લાખ) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સેટલમેન્ટ પાત્ર ખાતા | સંખ્યા | નિયમ મુજબ વસુલ કરવા પાત્ર રકમ | સેટલમેન્ટ યોજના હેઠળ વસુલાત કરેલ રકમ | સેટલમેન્ટ પાત્ર ખાતા | સંખ્યા | નિયમ મુજબ વસુલ કરવા પાત્ર રકમ | સેટલમેન્ટ યોજના હેઠળ વસુલાત કરેલ રકમ | બેંકે જતી કરેલ રકમ | | સંખ્યા | નિયમ મુજબ વસુલ કરવા પાત્ર રકમ | સેટલમેન્ટ હેઠળ વસુલાત કરેલ રકમ | બેંકે જતી કરેલ રકમ |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

( )

જીલ્લા મેનેજર

____________ જીલ્લો